આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહિચ્છા

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **18-06-2024** સમય : સવારે **6.50** વાગ્યે

-----------------------------------------------

## P.M. કિસાન સન્માન નિધિ યોજના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશના વારાણસીમાં PM-કિસાન સન્માન નિધિ યોજનાનો 17મો હપ્તો છૂટો કરશે. આ અંતર્ગત આશરે નવ કરોડ ત્રણ લાખ ખેડૂતોના ખાતામાં લગભગ 20 હજાર કરોડ રૂપિયા જમા કરવામાં આવશે.

આ યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં અત્યાર સુધીમાં 11 કરોડ ખેડૂતોના ખાતામાં ત્રણ લાખ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સ્વ-સહાય જૂથોની 30 હજારથી વધુ મહિલાઓને કૃષિ સખી તરીકેનાં પ્રમાણપત્રો એનાયત કરશે.

**RNU** અમદાવાદ

-----------------------------------------------

## ગાંધીનગર સમીક્ષા બેઠક

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસ ખાતે ભાજપની બે મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી, જેમાં લોકસભાની ચૂંટણીના પરિણામોની  સમીક્ષા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી અને ભાજપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ જળશક્તિ મંત્રી સી આર પાટીલની અધ્યક્ષતમાં આ બેઠક યોજાઇ હતી.. આ બેઠક ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.. આ બેઠક અગાઉ મુખ્યમંત્રીએ સી આર પાટીલને જળશક્તિ મંત્રી તરીકેની નિયુક્તિ અંગે અભિનંદન પાઠવીને તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.. જ્યારે અન્ય બેઠકમાં પ્રદેશ સંસદીય દળની બેઠક મળી હતી.

**RNU અમદાવાદ**

---

## ગાંધીધામ : ઓસ્લો ફ્રાયરઓવર

ગાંધીધામ શહેરના ઓસ્લો ચાર રસ્તે 32 કરોડના ખર્ચે તૈયાર થયેલ ઓસ્લો ફ્લાયઓવરને ગઇકાલે શાત્રોક્તવિધિ સાથે ખોલવામાં આવ્યો હતો. સાંજના સમયે કચ્છમાં પ્રથમ શહેરી ઓવરબ્રિજ ઉપર વાહનો દોડતા થયા હતા. ઓસ્લો ચાર રસ્તા પાસે યોજાયેલા કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનોના હસ્તે દીપપ્રાગટય કરવામાં આવ્યું હતું. ગાંધીધામના ધારાસભ્યએ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે મહિલા ધારાસભ્યોને વિશેષ ગ્રાન્ટ મળી હતી. આ ગ્રાન્ટ તળે 1.25 કરોડના ખર્ચે  પ્રતિમાની ફરતે સર્કલ તથા બ્રિજના નીચેના ભાગે

પેવરબ્લોક, કલરકામ સાથે બ્યુટીફિકેશન કરવામાં આવશે. જેના થકી શહેરની સુંદરતામાં વધારો થશે.

માહિતી ખાતુ

---

## હવામાન

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી રાજ્યના ઘણા વિસ્તારોમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. યાદીમાં જણાવ્યું છે કે 20 થી 22 મી જૂન દરમિયાન રાજ્યમાં કેટલાક સ્થળોએ જમીન પર પવનની ગતિ 40 થી 50  કિલોમીટર પ્રતિકલાક સુધી રહેવાની સંભાવના છે.

**RNU અમદાવાદ**

---

## ઇદની ઉજવણી

રાજ્ય સહિત દેશભરમાં ગઇકાલે ઇદ-ઉલ-અદહા બકરી ઇદની ઉજવણી કરાઇ હતી. જેના ભાગરૂપે કચ્છમાં પણ મુસ્લિમ બિરાદરો દ્વારા ખાસ નમાઝ અદા કરવામાં આવી હતી. ત્યાગ અને બલિદાનના પ્રતિક સમા આ તહેવારની રોનક કચ્છભરની મસ્જીદમાં ખાસ જોવા મળી હતી.

કૃપાલી મહિચ્છા

-----------------------------------------------------------------

## ભીમ અગિયારસ

આજની જેઠ માસની શુક્લ પક્ષની અગિયારસ મહત્વની મનાય છે ભીમ અગિયારસ તરીકે જાણીતી એકાદશીનું જલ ઝીલની તરીકે વિશિષ્ટ મહત્વ છે. આજે મેઘરાજાનું આગમન થાય તો શુકનવંતુ મુહૂર્ત  ગણાય છે. આજે વેદમાતા ગાયત્રીની જયંતિ છે. વિવિધ સ્થળે તેની ઉજવણી થાય છે.

ચંદ્રવદન પટ્ટણી

-----------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 30 જૂનનાં રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનાર ‘મન કી બાત’ કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે.

**RNU** અમદાવાદ

-----------------------------------------------------------------